# વ્યવસાયીક આરોગ્ય અને સલામતી અંગેના પ્રકાશનોની સુચી

**કારખાનામાં સ્વાસ્થ્ય અને સલામતીઃ એક અંધારો ખુણોઃ**

મુળ અંગ્રેજીમાં સ્વ.વીજય કાન્હેરેએ લખેલ "મીસ મેનેજમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સેફટી એટ વર્ક"નો જગદીશ પટેલે



કરેલો અનુવાદ છે. આ નાનકડી પુસ્તીકામાં વ્યવસાયીક આરોગ્ય અને સલામતીની સમસ્યા પાછળના વર્ગીય રાજકારણને ઉઘાડું પાડવામાં આવ્યું છે. નફો રળવાની આંધળી દોટ એક તરફ કાયદાની ઐસી તૈસી કરે છે,તો બીજી તરફ કામદારોને જોખમો અંગે વૈજ્ઞાનીક માહીતીથી પણ અજાણ રાખવામાં આવે છે વીગેરે વાતો ઉપસાવવામાં લેખક સફળ રહ્યા છે. ગુજરાતને સંદર્ભે અનુવાદકે વીશેષ લેખ ઉમેર્યો છે તેથી તેની ઉપયોગીતા વધે છે. (લેખનઃ વીજય કાન્હેરે.અનુ.: જગદીશ પટેલ, પ્રકાશકઃ સોસાયટી ફોર પાર્ટીસીપેટરી રીસર્ચ ઇન એશીયા,૧૯૯૦.કીમતઃ ૧૦/-. અપ્રાપ્ય)

**રસાયણના જોખમઃ**



સામાન્ય વપરાશના ૧૫૫ રસાયણોના જોખમોની સરળ ગુજરાતીમાં માહીતી આપવામાં આવી છે. લાંબા અને ટુંકા ગાળાના આરોગયલક્ષી જોખમો ઉપરાંત આગ-ધડાકાના જોખમ, શરીરમાં પ્રવેશવાના માર્ગ, ટીએલવી, તબીબી તપાસમાં શું કરવું વીગેરે માહીતી આપેલ છે. ૯ જેટલી પુરવણીઓમાં ઉપયોગી માહીતી આપવામાં આવી છે. (લેખનઃ જગદીશ પટેલ પ્રકાશકઃ ફેડરીક એબર્ટ ફાઉન્ડેશન, ૧૯૯૪. કીમતઃ ૫૦/-)




**ધુળીયાં ફેફસાંઃ**

એલેમ્બીક ગ્લાસ વર્કસના કામદારોએ સીલીકોસીસના વળતર માટે ચલાવેલા સંઘર્ષની સાફલ્ય ગાથા છે. પુસ્તીકાને અંતે ૭ પુરવણીઓમાં વળતરપાત્ર રોગોની યાદી,નોંધણીપાત્ર રોગોની યાદી અને અન્ય માહીતી આપવામાં આવી છે. (લેખનઃ જગદીશ પટેલ પ્રકાશકઃ સોસાયટી ફોર પાર્ટીસીપેટરી રીસર્ચ ઇન એશીયા,૧૯૯૪.કીમતઃ ૧૫/-)

**પ્રકાશના પડછાયા- જોખમો વચ્ચે ઝઝુમતા વીજળી કામદારોઃ**



ગુજરાતના કેટલાક થર્મલ પાવર પ્લાન્ટની મુલાકાત પર આધારીત પુસ્તીકામાં વીજળી કામદારોની સમસ્યાઓ અને જોખમોની માહીતી આપવામાં આવી છે. (પ્રકાશકઃ સોસાયટી ફોર પાર્ટીસીપેટરી રીસર્ચ ઇન એશીયા,૧૯૯૮.કીમતઃ ૩૦/-. અપ્રાપ્ય)



**કારખાના કે કાળખાનાઃ**

વડોદરા જીલ્લામાં વ્યવસાયીક રોગોની તરાહ વીષયે કરેલા અભ્યાસનો અહેવાલ છે. બર્તોલ્ત બ્રેખ્તની કવીતાથી શરુઆત કરવામાં આવી છે. ૯ પ્રકરણોમાં અહેવાલ વહેંચાયેલો છે.આ ક્ષેત્રના તબીબોની મુલાકાત આધારીત એક પ્રકરણ છે. (લેખનઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૨૦૦૧.કીમતઃ ૫૦/-)




**કાળમુખો સીલીકોસીસ:**

જીવલેણ વ્યવસાયીક રોગ સીલીકોસીસ અંગે વૈજ્ઞાનીક માહીતી સવાલ-જવાબના સ્વરુપમાં સરળ ભાષામાં આપવામાં આવી છે. સીલીકોસીસ અંગે સંપુર્ણ માહીતી મળી રહે તેવી લોકપ્રીય પુસ્તીકા. (લેખન: જગદીશ પટેલ, પ્રકાશક: પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૨૦૦૨, બીજી સંવર્ધીત આવૃત્તી ૨૦૦૮.કીમત: ૧૦/-)

**આપણું કામ,આપણું શરીર:**




આ નામના સંસ્થાએ તૈયાર કરેલ પોસ્ટર પ્રદર્શનના પોસ્ટરોનું ગદ્ય આ નાનકડી પુસ્તીકામાં પ્રગટ કરવામાં આવ્યું છે. પોસ્ટરમાં સમાવી ન શકાયેલી કેટલીક માહીતી પણ ઉમેરવામાં આવી છે. શરીરના જુદા જુદા અંગો અને તંત્રો અંગે એક એક પોસ્ટર છે. (લેખન: જગદીશ પટેલ, પ્રકાશક: પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૨૦૦૧.કીમત: ૦૩/-)



**ઔદ્યોગીક સલામતી અને આરોગ્ય: તાલીમ સાહીત્ય:**

વ્યવસાયીક આરોગ્ય અણે સલામતીની તાલીમ માટે ૧૬ વીષય પરના પ્રવચનોનો સંગ્રહ છે જે સલામતી અંગે તાલીમ આપવા ઈચ્છતા હોય તેમને માટે ઘણી કામની પુસ્તીકા છે. તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને આપવા માટે પણ ચાલે તે રીતે સરળ ગુજરાતી ભાષામાં તૈયાર કરાઇ છે. (લેખન: જગદીશ પટેલ, પ્રકાશક: પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૨૦૦૮.કીમત: ૩૦/-)

**ઘસીયાનો ઘરસંસાર (સીલીકોસીસ અંગે ચીત્રકથા):**




મુળ મેલડી કેમ્પ નામના મહીલાએ અંગ્રેજીમાં તૈયાર કરેલ ચીત્રવાર્તાનો અનુવાદ છે પણ માત્ર અનુવાદ નહી ભાવાનુવાદ કહેવાય. આપણી પરીસ્થતીને અનુરુપ વાર્તામાં ફેરફારો કરવામાં આવ્યા છે.ખાસ કરીને ખંભાતના અકીક ઘસીયાઓને નજર સમક્ષ રાખીણે ફેરફારો કર્યા છે. (લેખન: મેલડી કેમ્પ, અનુવાદ: જગદીશ પટેલ, પ્રકાશક: “એનરોવ” વતી પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૨૦૧૦.કીમત: ૮૦/-)




**સફેદ કપાસમાં લાલ ધબ્બા - કપાસ જીનમાં થતા અકસ્માત પીડીતોની વ્યથા:**

ગુજરાતના કપાસના જીનમાં મજુરી કરવા આવતા દક્ષીણ રાજસ્થાનના આદીવાસી શ્રમીકો અકસ્માતનો ભોગ બને છે. તેવા ૧૭ પીડીતોને રુબરુ મળી તેમની વ્યથાકથા આલેખવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતમાં જીન ઉદ્યોગ અને જીનમાં થતા અકસ્માતો-ઈજાઓ અને મૃત્યુ એમ બે લેખો મુકવામાં આવ્યા છે. જાણીતા માનવ અધીકારના સંરક્ષક શ્રી ગીરીશભાઇ પટેલે આમુખ લખ્યું છે. (લેખન: જગદીશ પટેલ, પ્રકાશક: પ્રયાસ સેન્ટર ફોર લેબર એકશન એન્ડ રીસર્ચ, ૨૦૧૧. કીમત: ૫૦/-)




**હોરર ઓફ વ્હાઈટ કલાઉડસઃ**
ઉપરની પુસ્તીકાનો અંગ્રેજી અનુવાદ (લેખન/અનુવાદઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ પ્રયાસ સેન્ટર ફોર લેબર એકશન એન્ડ રીસર્ચ,૨૦૧૧.કીમતઃ ૫૦/-)




**મજબુત પથ્થર, મજબુર મજુર - ખંભાતના અકીક ઉદ્યોગના કામદારોનો અભ્યાસઃ**
ખંભાતના અકીક કામદારોની કામની સ્થીતી અંગે કરેલા અભ્યાસનો અહેવાલ છે. પ્રારંભીક, અભ્યાસના નીષ્કર્ષો,બાળમજુરો,ઘસીયાઓની સ્થીતી અને ઉપસંહાર એમ પાંચ વીભાગના ૧૧ પ્રકરણમાં અહેવાલ વહેંચાયેલો છે. ભોગ બનેલા કારીગરોની યાદી પરીશીષ્ટમાં આપેલી છે. ગુજરાત વીદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગરની પ્રસ્તાવના મળી છે. (લેખનઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર, ૨૦૧૨. કીમતઃ ૧૦૦/-)




**સ્ટોન્ડઃ** ઉપરની પુસ્તીકાનો અંગ્રેજી અનુવાદ (લેખન/અનુવાદઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૨૦૧૨.કીમતઃ ૧૦૦/-)

**વ્યવસાયીક આરોગ્યઃ**
વીષય અંગે પાયાની સમજ આપતી પરીચય પુસ્તીકા(લેખનઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ પરીચય ટ્રસ્ટ,પરીચય પુસ્તીકા ૧૨૭૮, ૨૦૧૨.કીમતઃ ૧૫/-)





**ન્યાય કે લીએ સંઘર્ષઃ વ્યવસાયીક સ્વાસ્થ્ય સુરક્ષા મંડલ,બડૌદાઃ**
વ્યવસાયીક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળનો પરીચય આપતી હીન્દી પુસ્તીકા (લેખનઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ સોસાયટી ફોર પાર્ટીસીપેટરી રીસર્ચ ઈન એશીયા,૧૯૯૦(?).કીમતઃ જણાવી નથી)




### કોર્ટમાં કારખાનું:

કારખાનામાં થતા જીવલેણ અકસ્માતો અંગે કારખાના ધારા હેઠળ કારખાના નીરીક્ષકો દ્વારા કરવામાં આવતી કાનુની કાર્યવાહીનું વીશ્લેષણ. (લેખનઃ જગદીશ પટેલ, પ્રકાશકઃ પીપલ્સ ટ્રેનીગ એન્ડ રીસર્ચ સેન્ટર,૧૯૯૬.કીમતઃ ૧૦/- અપ્રાપ્ય)




### સલામતીનો ૧૦૦મો અંકઃ

"સલામતી" દ્વીમાસીકનો આ ૧૦૦મો દળદાર અંક પ્રગટ કરવામાં આવ્યો જેમાં વીષયના નીષ્ણાતોના લેખો છે, વીવીધ ક્ષેત્રના અગ્રણીઓ સાથેની મુલાકાતો છે. અત્યંત સંગ્રહણીય અંક છે.(૨૦૦૯ , કીમતઃ ૮૦/-)




### કોઈક તો છે..:

વ્યવસાયીક આરોગ્ય અંગેના અમારા કામ અંગે વીવીધ લેખકોએ જુદા જુદા સામયીકો,અખબારોમાં લખેલા લેખોનું સંકલન; ખંભાતમાં અમે કરેલા કામ અંગે વીસ્તૃત લેખ; વીગત વીસ વર્ષ દરમીયાન અમે ખંભાત સીવાયના ક્ષેત્રોમાં કરેલા કામોનું આકલન. (૨૦૧૬ , કીમતઃ સદુપયોગ)




### આપ કયું રોએઃ

ખંભાત અને દાહોદના ૩૭ જેટલા સીલીકોસીસ પીડીતોની વ્યથાકથાઓ આપની આંખોને ભીની કરશે. સીલીકોસીસનો ભોગ બનનાર કેવી વ્યથામાંથી પસાર થાય છે અને તેના મરણ બાદ વીધવાને જે આપદા પડે છે તેની વીગતો; માતા-પીતા બંનેના સીલીકોસીસને કારણે મૃત્યુ પામ્યા બાદ અનાથ બાળકોની પીડા; વૃધ્ધ માતપીતાના યુવાન સંતાનોના અકાળ મોત બાદ તેમના રઝળી પડતા જીવન. આવી કથાઓ ગુજરાતી સાહીત્યમાં નોખી ભાત પાડે છે. (૨૦૧૭ , કીમતઃ ૧૦૦/-)







### તાર તાર જીવનઃ

સુરતના કાપડ ઉદ્યોગના કામદારોની સ્થીતી અંગે સંસ્થાએ કરેલા અભ્યાસનો અહેવાલ - ગુજરાતી અને અંગ્રેજીમાં. આ અહેવાલમાં આ કામદારોની સ્થીતી અંગે ભુતકાળમાં થયેલા અભ્યાસોના તારણો રજુ કર્યા છે જેથી વીગત વર્ષો દરમીયાન શી પ્રગતી થઇ તેનો ખ્યાલ આવે. ઉત્તરદાતાઓના પ્રતીભાવો

ઉપરાંત માહીતી અધીકાર કાયદા હેઠળ મળેલી માહીતી પણ રજુ કરવામાં આવી છે. ઉદ્યોગ સાથે સંકળાયેલી વીવીધ સંસ્થાઓની મુલાકાત અને અખબારો, સામયીકો અને અન્ય દ્વીતીયક માહીતી સ્ત્રોતોનો ઉપયોગ કરી અગત્યની માહીતી રજુ કરવામાં આવી છે. (૨૦૧૭ , કીંમતઃ ગુજરાતી અહેવાલ -૧૦૦/- અંગ્રેજી અહેવાલ – રૂ.૧૫૦/-)